# પ્રસ્તાવના

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જામનગરનું વર્ષ 2018-19 માટેનું વાર્ષિક આયોજન રજૂ કરતા અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન એ શિક્ષણ ક્ષેત્રે જિલ્લા કક્ષાની નોડલ એજન્સી અને શિક્ષણ તથા તાલીમ માટેની પ્રતિષ્ઠિત સંસ્થા છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ગુણવતા સુધારણા એ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો ધ્યેય છે. સાથે સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન નિરંતર શિક્ષણ અને શિક્ષણના નૂતન પ્રવાહોને જિલ્લા કક્ષાએ અમલી બનાવનાર તથા શિક્ષકોને નૂતન પ્રવાહોથી સજ્જ કરનાર જિલ્લાની એપેક્ષ સંસ્થા છે. આ સંસ્થા દ્વારા શિક્ષણની ગુણવતા, સુધારણા, સ્થાયીકરણ અને સો ટકા નામાંકન જેવા ધ્યેયોની પરિપૂર્ણતાની સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના ધ્યેયને પૂર્ણ કરવા માટેની દરેક શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને તાલીમ કાર્યક્રમો માટેનું જીણવટ પૂર્વકનું આયોજન તૈયાર કરવાનો પ્રયત્ન કરેલ છે. આ વાર્ષિક આયોજન અમને અંતિમ ધ્યેય સુધી ચોકકસ લઈ જશે. આ ઉપરાંત આ આયોજન પુસ્તિકામાં જામનગર જિલ્લાની માહિતી, કાર્યક્રમ સલાહકાર સમિતિ વિશેની માહિતી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વિશેની માહિતી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની વિવિધ શાખાઓ, કાર્યો, લેબ એરિયા, વગેરે માહિતીનો સમાવેશ કરેલ છે અને અંતે વર્ષ 2018-19 દરમિયાન યોજાનાર શાખાવાર અને માસવાર વિવિધ કાર્યક્રમોની વિગત પ્રસ્તુત કરેલ છે.

આ આયોજન પુસ્તિકા શિક્ષકો અને શિક્ષણ સાથે સંકળાયેલા અન્ય સૌ કોઈ માટે પ્રેરણારૂપ અને માર્ગદર્શનરૂપ બની રહેશે. તેવી આશા સહ.....

**ડો. કે. કે. કરકર**
**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**જામનગર**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| 1 | જામનગર જિલ્લા પ્રોફાઈલ | 3 |
| 2 | પીએસી બેઠક | 10 |
| 3 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પરિચય | 12 |
| 4 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો ઉદ્‌ભવ અને ધ્યેયો | 13 |
| 5 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની શાખાઓ અને કાર્યક્ષેત્ર | 15 |
| 6 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું મહેકમ | 21 |
| 7 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું સ્ટાફ લીસ્ટ | 22 |
| 8 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું અન્ય સંસ્થાઓ સાથેનું સંકલન | 24 |
| 9 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો લેબ એરિયા | 25 |
| 10 | તાલુકાવાર શૈક્ષણિક માહિતી | 26 |
| 11 | કાર્યક્રમ અનુસાર આયોજન અને સમરી | 30 |
| 12 | સંક્ષિપ્તાક્ષરો | 43 |

# જામનગર જિલ્લા પ્રોફાઈલ


## ✿ *જામનગર જિલ્લાનો ઈતિહાસ*

આજનો જામનગર જિલ્લો એટલે કે ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજયનો 'હાલાર પ્રદેશ' જેની સ્થાપના શ્રી જામ–રાવલે આજથી આશરે 477 વર્ષ પૂર્વે ઈ.સ. 1540 માં કરેલ. જેને નવો ઓપ જામશ્રી રણજિતસિંહે ઈ.સ. 1909 થી ઈ.સ. 1932 નાં ગાળામાં આપ્યો. એ સમયે તે નવાનગર સ્ટેટ તરીકે ઓળખાતું. ઈ.સ. 1959 માં ઓખામંડળ અમરેલી જિલ્લામાંથી રદ થઈ જામનગર જિલ્લામાં જોડાયું. આમ, જામનગર જિલ્લાનો વિસ્તાર વધ્યો. નવાનગર સ્ટેટની સ્થાપના કરનાર શ્રી જામરાવલ થી માંડીને છેલ્લા રાજા શ્રી શત્રુશલ્યજી સુધીનાં ૨૨ રાજવીઓ પ્રજાનાં હૃદયમાં સ્થાન પામ્યા છે. આ રાજવીઓ પૈકી શ્રી જામ–વિભાજીને તો લોકો ભગવાનની જેમ પૂજતા. આયુર્વેદમાં નામાંકિત ઝંડુ ફાર્મસીના સ્થાપક ઝંડુ ભટ્ટજી શ્રી જામવિભાજીનાં રાજવૈદ હતા. નવાનગર સ્ટેટના એકવીસમાં રાજવી જામ રણજિતસિંહજીના ક્રિકેટપ્રેમને કારણે રણજીટ્રોફી આજે પણ રમાય છે. રાજવીઓએ જામનગરને એવું સુંદર રીતે વિકસાવેલ હતું કે તે જૂના સમયમાં 'સૌરાષ્ટ્રનું પેરિસ' અને 'ધ જવેલ ઓફ કાઠિયાવાડ' ગણાતું. જામનગરમાં મંદિરોની સંખ્યા ખૂબ જ વધારે હોવાથી તેને છોટી કાશી તરીકે ઓળખવામાં આવે છે. હાલ વર્ષ 2015 માં જામનગર જિલ્લામાંથી દેવભૂમિ દ્વારકા અલગ થતાં હાલ જામનગરમાં છ તાલુકાઓ રહ્યા છે. જયારે ચાર તાલુકાઓ દેવભૂમિ દ્વારકા જિલ્લમાં રહ્યા છે.

## ✿ **જામનગરની શહેરની ઐતિહાસિક ઈમારતો**

- પ્રતાપવિલાસ મહેલ
- પંચેશ્વર ટાવર
- લાખોટા મહેલ (લાખોટા મ્યુઝિયમ)
- રતનબાઈની મસ્જિદ
- દરબારગઢ
- ભૂજિયો કોઠો
- ખંભાળિયા ગેઈટ
- અમર વિલાસ મહેલ
- હવા મહેલ
- સોલેરિયમ
- માંડવી ટાવર
- વ્હોરાનો હજીરો

# જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનો નકશો



# જામનગર જિલ્લાનો ભૌગોલિક પરિચય

જામનગર જિલ્લો સંપૂર્ણપણે ઉત્તરગોળાર્ધમાં 21.41° થી 22.58° ઉત્તર અક્ષાંશ અને 68.56° થી 70.39° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. જામનગર જિલ્લાની ઉત્તરે કચ્છ, પૂર્વે રાજકોટ જિલ્લો, દક્ષિણે પોરબંદર જિલ્લો અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલ છે. જામનગર જિલ્લાને 355 કિમી લાંબો દરિયાકિનારો પ્રાપ્ત થયેલ છે.

**જામનગર જિલ્લો ભૌગોલિક દૃષ્ટિએ :**

| | |
|---|---|
| **ડુંગરો** | બરડો, આભપરા, આલોચની ટેકરીઓ, ગોપ, વેણુ |
| **મુખ્ય નદીઓ** | રંગમતી, નાગમતી, સસોઈ, ઉંડ, પન્ના, સિંહણ |
| **આબોહવા** | સમઘાત ઉષ્ણતામાન દરિયાઈ આબોહવા |
| **વરસાદ** | મોટાભાગનો વરસાદ ચોમાસા દરમિયાન આશરે700 થી 900 મીમી |


**જામનગર જિલ્લાના જોવા લાયક સ્થળો :**

| | |
|---|---|
| **દ્વારકા** | હિન્દુઓના ચાર પવિત્ર યાત્રાધામ પૈકીનું એક |
| **રણુજા** | રામદેવપીરનું પ્રસિદ્ધ મંદિર |
| **ભચૂર મોરીનું મેદાન** | જામ અજાજી અને અકબર બાદશાહનાં રણસંગ્રામની યુદ્ધભૂમિ |
| **હર્ષદ** | લાંબા બંદર પાસે ડુંગર પર હરસિદ્ધિ માતાનું મંદિર |
| **ઘુમલી** | ભાણા જેઠવાની ઐતિહાસિક નગરી ટેકરી પર મંદિર |
| **પીરોટન ટાપુ** | દરિયાઈ જીવસૃષ્ટિ (મરીન પાર્ક) |
| **ખિજડીયા** | રાષ્ટ્રીય પક્ષી અભ્યારણ્ય |
| **કિલેશ્વર** | પૌરાણિક શિવ મંદિર અને પ્રકૃતિ ધામ |
| **બેટ દ્વારકા** | દ્વારકાથી ૩૦ કિમી દરિયામાં શ્રીકૃષ્ણની નગરી, બેઠક |
| **નાગેશ્વર જ્યોર્તિલિંગ** | ભારતના બાર જ્યોર્તિલિંગમાંનું એક |

# જામનગર જિલ્લો – એક વિહંગાવલોકન

| ક્રમ | વિગત | માહિતી | |
|---|---|---|---|
| 1. | જિલ્લાનું નામ | જામનગર | દેવભૂમિ દ્વારકા |
| 2. | તાલુકા પંચાયતો | 6 | 4 |
| 3. | ગ્રામ પંચાયતો | 415 | 239 |
| 4. | શહેરો | 19 | |
| 5. | નગરપાલિકા | 04 | 06 |
| 6. | મહાનગર  પાલિકા | 01 | - |
| 7. | પ્રાથમિક શાળાઓ (સરકારી) | 695 | 644 |
| 8. | પી.ટી.સી. કોલેજો | 4 | - |
| 9. | બંદરો | 1 | 3 |
| 10. | બી.એડ્. કોલેજો | 5 | 1 |
| 11. | ક્ષેત્રફળ | 8441 sq.km. | 5684 sq.km. |
| 12. | વસતી ગીચતા | 167 | 132 |
| 13. | માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | 250 | 122 |
| 14. | સી.આર.સી. | 109 | 83 |
| 15. | સાક્ષરતા દર | સ્ત્રી – 65.33<br>પુરુષ – 81.50<br>કુલ – 66.48 | સ્ત્રી – 65.97<br>પુરુષ – 82.35<br>કુલ – 74.16 |

પ્રાપ્તિ સ્થાન :
- Census of India - 2011
- ડાયસ રિપોર્ટ, જામનગર




પ્રાપ્તિ સ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા, ૨૦૧૧.

નોંધ : દેવભૂમિ દ્વારકા જિલ્લો અલગ થયા પહેલાની માહિતી છે.

## ✿ *જામનગર શહેરના પ્રસિદ્ધ સ્થળો :*

- બાલા હનુમાન મંદિર – રણમલ તળાવની પાળ પર આવેલ, અખંડ રામધુત માટે ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામેલ છે.
- કબીર આશ્રમ
- આણદાબાવા આશ્રમ
- રણમલ તળાવ
- જૈન મંદિરો
- સિદ્ધનાથ મહાદેવ મંદિર
- દાઉદી વ્હોરાનો હજીરો
- ખીજડા મંદિર
- લાખોટા પેલેસ
- ભુજિયો કોઠો
- સોલેરિયમ
- એશિયાની એકમાત્ર આયુર્વેદ યુનિવર્સિટી

## ✿ *જામનગરનાં મુખ્ય ઉદ્યોગ–ધંધા તથા હસ્ત કારીગીરી :*

- કંકુ, સુરમો, કાજલ, બાંધણી, ઘરચોળા, અત્તર, ચપ્પુ, સુડી
- બ્રાસપાર્ટ ઉદ્યોગ
- મીઠું પકવવાનો ઉદ્યોગ
- સિમેન્ટ બનાવવાનો ઉદ્યોગ
- વહાણ ભાંગવાનો (Ship breaking) ઉદ્યોગ
- નાયલોન બટન, સાયકલ ટયુબ, સાયકલ વાલ્વ બનાવવાનો ઉદ્યોગ
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રી
- એસ્સાર ઈન્ડસ્ટ્રી
- જી.એસ.એફ.સી. કંપની
- ભૂમિદળ, નૌકાદળ તથા હવાઈદળ – સૈન્યની ત્રણેય પાંખોના મથકો
- ગુજરાત રાજયની એકમાત્ર સૈનિક સ્કૂલ – બાલાચડી

## ✿ જામનગર જિલ્લાની પ્રસિદ્ધ વ્યક્તિઓ

| | |
|---|---|
| આયુર્વેદાચાર્ય | ઝંડુ ભટ્ટજી |
| વિવેચક | મનસુખલાલ ઝવેરી |
| સંસ્કૃત વિદ્વાન | હાથીભાઈ શાસ્ત્રી |
| સંસ્કૃત વિવેચક | ગૌરી પ્રસાદ ઝાલા |
| મહિલા લેખક | ઈલા આરબ મહેતા |
| નવલીકાકાર | ઉમેદભાઈ મણિયાર |
| દાતાઓ | મેઘજી પેથરાજ શાહ, રાજરત્ન નાનજી, કાલીદાસ મહેતા, ડોલરરાય માંકડ |
| કાર્ટુનિસ્ટ | રમેશભાઈ બૂચ |
| ચિત્રકાર | હરિભાઈ વ્યાસ, નાગજીભાઈ ચૌહાણ |
| કવિ | ભાનુભાઈ વ્યાસ |
| ખેલાડીઓ | જામ રણજિતસિંહજી, વિનુ માંકડ, વિજય મરચન્ટ, સલીમ દુરાની, અજય જાડેજા, રવિન્દ્ર જાડેજા |

# પ્રોગ્રામ એડવાઈઝરી કમિટિ (પીએસી)

❖ *પ્રસ્તાવના :*

ગુજરાત રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઈઆરટી), ગાંધીનગર પ્રેરીત અને ડાયેટ ગાઈડ લાઈન મુજબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો ગુજરાત રાજયમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા યોજાતા શૈક્ષણિક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની સમગ્ર શ્રેણીના આયોજન અને સંચાલન અંગે માર્ગદર્શન અને સલાહ માટે કાર્યક્રમ સલાહકાર સમિતિ (પીએસી) ની રચના કરવામાં આવી છે. આ સમિતિની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મળે છે. આ સમિતિઓના માર્ગદર્શક સુચનો મેળવી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો તેના શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરે છે.

૧૨મી પંચવર્ષિય યોજના અન્વયે માનવ સંશાધન અને સંચાલન વિકાસ મંત્રાલય (MHRD) દ્વારા નવી ટીચર એજયુકેશન સકીમ અલમમાં મૂકવામાં આવી છે. જે અન્વયે ગાઈડ લાઈનમાં જણાવ્યા મુજબ અને શિક્ષણ વિભાગ ગુજરાત સરકારનાં ઠરાવ ક્રમાંક જશભ/૧૨/૨૦૧૩/૮૯૧૩૩૫/ન. સચિવાલય ગાંધીનગર તા. ૧૫/૦૧/૨૦૧૪ થી અલમમાં આવી. જે ઠરાવ મુજબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગરની કાર્યક્રમ સલાહકાર સમિતિ પણ રીફોર્મ થયેલ છે. જેમાં હવે નીચે મુજબનાં સભ્યો રહેશે.

**(૧) સભ્યો**

1. District Magistrate / District Collector - Chairman
2. District Development Officer (DDO) - Co-chairman
3. District Education Officer
4. District Primary Education Officer
5. District Project Co-ordinator of SSA and RMSA
6. Two Senior faculty of DIET
7. Two School Head Masters
8. One representative, each from tribal welfare department, social welfare department, minorities department, women and child welfare department
9. One BRC Co-ordinator
10. One CRC Co-ordinator

11. One Principal from private aided / unaided teacher education college (D.Ed. and B.Ed.)
12. Principal, IASE
13. Principal, CTE
14. Representative of Director SCERT
15. One NGO working in the field of teacher education
16. Two student from PSTE (senior and junior)
17. Principal, DIET : Convener

**(૨) કાર્યો**

1. District focus in programmes and activities
2. Coordination among institutions
3. Promoting innovation
4. Ensuring that the State Education Plans are adequately reflected within the district plans
5. Efficient use of resources and personal to address education quality and teacher education requirements of the district
6. Gunotsav and Monitoring District level implementation as per the R.T.E. Act-2009, Article No. 29
7. Sharing the results of Gunotsav programme and improving the quality level.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – પરિચય



જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગરની સ્થાપના તારીખ : 15–10–1994 થી કરવામાં આવી છે. તે પહેલાં આ સંસ્થા પુરુષ અધ્યાપન મંદિર તરીકે અસ્તિત્વ ધરાવતી હતી. પુરુષ અધ્યાપન મંદિરની સ્થાપના તારીખ : 15–06–1960 ના રોજ થઈ હતી. આમ જોઈએ તો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન 50 વર્ષ જૂની કેળવણીની સંસ્થા છે.

આ સંસ્થા સૌપ્રથમ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકા મથક પર હતી. આ સંસ્થા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં અપગ્રેડ થતાં જિલ્લા મથક પર લાવવા માટે તા : 14–06–1998 ના રોજ ધ્રોલથી ખસેડી જામનગર ખાતે ડી.કે.વી. કોલેજ હોસ્ટેલના બિલ્ડીંગમાં લાવવામાં આવી.

વર્ષ 1994માં ગુજરાત રાજયની જિલ્લા મથકે આવેલી પી.ટી.સી. કોલેજને અપગ્રેડ કરીને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપના કરવામાં આવી. ત્યારે પુરુષ અધ્યાપન મંદિર ધ્રોલ પણ અપગ્રેડ થઈને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર સંસ્થા બની. પુરુષ અધ્યાપન મંદિર ધ્રોલ પહેલા પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણનું જ કાર્ય કરતી હતી. પરંતુ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના સાથે સેવા અંતર્ગત શિક્ષક પ્રશિક્ષણનું કાર્ય પણ હાથ ધરવામાં આવ્યું છે.

દરેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સ્થાપના સાથે કેન્દ્રિય પુરસ્કૃત યોજના હેઠળ નવું મકાન બાંધવાની કાર્યવાહી વર્ષ 1998 માં હાથ ધરવામાં આવી. અને જામનગરથી 9 કિલોમીટર દૂર લાલપુર હાઈવે પર દરેડ મુકામે એફ.સી.આઈ. ગોડાઉન સામે ચેલા ગૌચરની 10 એકર જમીનમાં 1 કરોડ 10 લાખ રૂપિયાના ખર્ચે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગરના નવા સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું. તા. 01–09–2001 ના રોજ માનનીય શ્રી આનંદીબેન પટેલ (શિક્ષણ મંત્રીશ્રી – ગુજરાત રાજય) ના વરદ્હસ્તે નવ નિર્મિત સંકુલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. હાલ આ સંસ્થા એ જ સંકુલમાં કાર્ય કરી રહી છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો ઉદ્ભવ – ધ્યેયો

## ❖ *ઉદ્ભવ :*

ગુજરાત રાજયમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા વધારવાનું શિક્ષકોને નૂતન પ્રવાહોથી વાકેફ કરવાનું, નવા શૈક્ષણિક પ્રયોગો હાથ ધરવાનું, સંશોધન કાર્ય કરવાનું, અને માર્ગદર્શન પુરુ પાડવાનું કાર્ય ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કરે છે. પ્રાથમિક શિક્ષણના દર વર્ષે વધતા જતા વ્યાપને પહોંચી વળવા માટે શિક્ષણ નિતિ 1986 માં પ્રાથમિક શિક્ષણ આપતા શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા વધારવા અને શિક્ષણ નૂતન પ્રવાહોથી સતત સંપર્કમાં રાખવા માટે જિલ્લા કક્ષાએ વ્યવસ્થિત તંત્ર ઉભું કરવામાં આવ્યું. જેને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તરીકે ઓળખવામાં આવે છે.


રાજયમાં હાલ વર્ષ 2016-17 સુધી 26 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો કાર્યરત હતા. વર્ષ 2017-18 માં તાપી જિલ્લામાં નવું જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કાર્યકત થતાં કુલ ૨૭ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો કાર્યરત છે. જેમાં દરેક જિલ્લામાં એક જયારે અમદાવાદ જિલ્લામાં અમદાવાદ શહેર અને ગ્રામ્ય એમ બે જિલ્લા શિક્ષણ તાલીમ ભવનો કાર્યરત છે. જામનગર જિલ્લાના દરેડ મુકામે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આવેલું છે. જામનગર જિલ્લામાં 6 તાલુકાઓમાં તથા દેવભૂમિ દ્વારકાના 6 તાલુકાઓમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા વધારવા તથા પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલા પ્રાથમિક શિક્ષકો, શિક્ષણ નિરીક્ષકો, આચાર્યો વગેરેને શિક્ષણના નવીન પ્રવાહોથી વાકેફ કરવા તથા તેમની શૈક્ષણિક સજ્જતામાંવધારો કરવા જરૂરી માર્ગદર્શન તથા વિવિધ તાલીમો આપવા માટેનું કાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગર (ડાયેટ) કરે છે. આ કાર્ય ગુજરાત રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ થાય છે.

## ❖ *ધ્યેયો*

- પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધારવો તેમજ તેની સાથે સંકળાયેલ વ્યક્તિઓના કાર્યની ગુણવત્તા, કાર્યક્ષમતા તથા શૈક્ષણિક સજ્જતા વધારવી.
- સી.આર.સી. અને બી.આર.સી.ના રીસોર્સ પર્સન તૈયાર કરી તેમને માર્ગદર્શન આપવું.
- પ્રાથમિક શિક્ષકો માટે ટુંકા ગાળાના અને લાંબા ગાળાના તાલીમી કાર્યક્રમો અને કાર્યશિબિરો યોજવી.
- બી.આર.પી.ની શૈક્ષણિક સજ્જતા વધારવી.

- પ્રાથમિક શિક્ષણના કેન્દ્રમાં કામ કરતા કેન્દ્ર સંચાલકો, નિરીક્ષકો તથા આંગણવાડીની બાલ સેવીકાઓને સેવા કાલીન તાલીમ પૂરી પાડવી.
- પ્રોજેક્ટ શાળાઓ વિકસાવવી અને જિલ્લાની શાળાઓ માટે નમૂનારૂપ બનાવવી.
- પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓમાં ગુણાત્મક સુધારો લાવવો.
- પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ક્રિયાત્મક સંશોધનો હાથ ધરવા.
- પ્રાથમિક શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતા દૂર કરવી તથા ગુણવત્તા સુધારણા લાવવા પ્રયોગાત્મક સંશોધનો હાથ ધરવા.
- શૈક્ષણિક સાધન સામગ્રી (TLM) નિર્માણ તથા પ્રકાશન હાથ ધરવા.
- જિલ્લા શિક્ષણ સમિતિનાં કાર્યક્રમોને સહકાર તથા પ્રતિપોષણ પૂરાં પાડવા.
- નવસંસ્કરણ શૈક્ષણિક કાર્યક્રમો યોજવા.
- નિરંતર શિક્ષણ અને વસતી વિષયક સમજનો વ્યાપ જિલ્લામાં વધારવો.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની શાખાઓ અને કાર્યક્ષેત્ર




## પૂર્વ સેવા શિક્ષક પ્રશિક્ષણ (પીએસટીઈ) શાખા

1. નીચેનાં કાર્યો માટેની કેન્દ્રવર્તી શાખા તરીકે વર્તવું

   i) પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓને તાલીમ આપવી, તે માટેની વિષયવાર તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

   ii) પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓને વિદ્યાર્થી કેન્દ્રી અભિગમ તથા તાલીમ દ્વારા વ્યક્તિત્વ વિકાસની તાલીમ આપવી તથા શાખા સંબંધિત શૈક્ષણિક સાધનો બનાવવા તથા ક્રિયાત્મક સંશોધનો હાથ ધરવા માટે માર્ગદર્શન આપવું.

   iii) શૈક્ષણિક પદ્ધતિઓ અને વિષય શિક્ષણને લગતી તમામ સામાન્ય અને ખાસ બાબતો વિશે તાલીમ ચર્ચા.

iv) પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓ તથા જિલ્લાનાં અનૌપચારિક શિક્ષણનાં કેન્દ્રો અને પ્રૌઢ શિક્ષણ કેન્દ્રોને મનોવૈજ્ઞાનિક સલાહદર્શન અને માર્ગદર્શન આપવું.

v) વિકલાંગ વિદ્યાર્થીઓ અને મેઘાવી વિદ્યાર્થીઓનું શિક્ષણ.

2. પી.એસ.ટી.ઈ. શાખાનાં વિષયો સાથે સંબંધિત ગુણવતા સભર સેવાકાલીન કાર્યક્રમોનું આયોજન કરવું.

3. શાખાને સંબંધિત વિષયો કે કાર્યક્ષેત્ર અંગે ભવનની અન્ય શાખાઓ સાથે મળી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવું.

4. વિજ્ઞાન પ્રયોગશાળા, મનોવિજ્ઞાનનાં પ્રયોગનાં સાધનો, વિકલાંગ બાળકો માટે સાધન સહાયરૂમ, કલા શિક્ષણ માટેનાં ખંડો, રમતગમત અને શારીરિક શિક્ષણ અંગેના સાધનો અને સુવિધાઓની જાળવણી કરવી.

5. શાખા સંબંધિત સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જેમ કે ચર્ચામંચ, વકતૃત્વ સ્પર્ધા, ભાષા મેળો, વિજ્ઞાન પ્રદર્શન, નાટક કલા, રમતગમત સ્પર્ધા, યોગ અને વિવિધ શોખ માટેની પ્રવૃત્તિઓ.

## *સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રિય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન (આઈએફઆઈસી) શાખા*

1. જિલ્લાનાં શૈક્ષણિક અધિકારીઓ અને સંસ્થાઓ સાથે મળીને સમગ્ર જિલ્લાનાં સેવાકાલીન તાલીમ કાર્યક્રમોનું આયોજન અને સંકલન કરવું આ માટે શાખાએ નીચે મુજબનાં કાર્યો કરવા.

i) જિલ્લાની પ્રાથમિક શિક્ષકોની શૈક્ષણિક જરૂરિયાતો જાણવી અને તે મુજબ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું.

ii) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવાનની બહારનાં કાર્યક્રમોનું વાર્ષિક કેલેન્ડર બનાવવું.

iii) જિલ્લાની અન્ય કચેરીને સેવકાલિન વાર્ષિક ટેન્ડર બનાવવામાં મદદરૂપ થવું.

2. જિલ્લામાં ચાલતા તમામ સેવાકાલીન તાલીમ કાર્યક્રમોનું મૂલ્યાંકન અને નિરીક્ષણ કરવું તથા તેનીગુણવતામાં સતત સુધારો કરવો.

3. જિલ્લાનાં કર્મચારીઓનો ડેટાબેઈઝ તૈયાર કરવો અને તાલીમનાં અનુસંધાને અનુકાર્ય કરવું અને તે માટે છાપેલ સાહિત્ય અને મુલાકાત દ્વારા પ્રત્યાયન કરવું.

4. જે શિક્ષકો પોતાનું આગળનું શિક્ષણ ચાલુ રાખવા ઈચ્છતા હોય તેમના માટે સંદર્ભો અને સંસાધન સહાયની કેન્દ્રવર્તી શાખા તરીકે વર્તવું.

## પાઠયક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન (સીએમડીઈ) શાખા

1. પાઠય પુસ્તક સમીક્ષા, મૂલ્યાંકન કરવું.
2. પૂરક સાહિત્ય નિર્માણ કરવું.
3. પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ અને પુસ્તકોનો અભ્યાસ કરવો.
4. જિલ્લામાં બોલાતી બોલીઓનું સર્વેક્ષણ કરવું.
5. મૂલ્યાંકન કસોટીઓ તથા સતત સર્વગ્રાહી મૂલ્યાંકન તૈયાર કરવું.
6. ક્રિયાત્મક સંશોધન વિશે માહિતી આપવી.
7. શિક્ષકોને ક્રિયાત્મક સંશોધન હાથ ધરવા માટે પ્રેરણા આપવી.
8. જિલ્લા માટે સંશોધન સાર સંગ્રહ તૈયાર કરવો.

## આયોજન અને વ્યવસ્થાપન (પીએન્ડએમ) શાખા

1. જિલ્લાની શૈક્ષણિક માહિતી નીભાવવી અન તેને અપડેટ રાખવી
2. જિલ્લાની શૈક્ષણિક કચેરીઓને (i) સ્કૂલ મેપીંગ (ii) લાભાર્થી જૂથ માટેનાં સૂક્ષ્મ અને વ્યવસ્થિત આયોજન માટે ટેકનીકલ સહાય પૂરી પાડવી.
3. ભવનનું વાર્ષિક આયોજન તૈયાર કરવું.
4. ભવનનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો.
5. ભવનની તમામ શાખાઓની પ્રવૃત્તિઓનું સંકલન કરવું.
6. ભવનની તમામ શૈક્ષણિક, વહીવટી અને નાણાંકીય બાબતોનું સંકલન કરવું.

7. જિલ્લાની આંકડાકીય માહિતી અંગેની પુસ્તિકા તૈયાર કરવી.

8. જિલ્લાની શૈક્ષણિક જરૂરિયાતો જાણવી.

9. પીએસી બેઠક બોલાવવી અને ભવનનાં આયોજન અને અન્ય સંસ્થાકીય પ્રવૃત્તિઓ માટે તેનાં સૂચનો મેળવવા.

## *શૈક્ષણિક પ્રૌદ્યોગિકી (ઈટી) શાખા*

1. પ્રાથમિક શિક્ષણ અને પ્રાથમિક શિક્ષક તાલીમ માટે સાદા, અસરકારક અને ઓછી કિંમતનાં વિવિધ શૈક્ષણિક સાધનો જેવા કે ચાર્ટસ, ડાયાગ્રામ્સ, મોડેલ્સ, ફોટોગ્રાફસ, સ્લાઈડસ, ઓડિયો ટેપ્સ, નાટય સ્ક્રીપ્ટ વગેરે તૈયાર કરવા.

2. ડીઆરયુ શાખાને અનૌપચારિક શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણ માટે ઓછી કિંમતનાં શૈક્ષણિક સાધનો તૈયાર કરવા માટે મદદ કરવી.

3. ભવનનાં તમામ ઓડીયો વિઝયુઅલ્સ સંશાધનો, કમ્પ્યૂટર લેબ અને શિક્ષકોએ બનાવેલ વિવિધ શૈક્ષણિક સાધનોની જાળવણી કરવી અને શૈક્ષણિક ઓડિયો / વિડિયો કેસેટ્સ, સીડીઝ અને મલ્ટીમીડીયા પ્રોજેકટરની જાળવણી કરવી.

4. જિલ્લાની સંસ્થાઓને સ્લાઈડસ, કેસેટસ અને શૈક્ષણિક સાધનો તથા પ્રસારણ માટેની સગવડતા પુરી પાડવી.

5. નજીકનાં રેડીયો સ્ટેશન સાથે મળી પ્રાથમિક શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ અને અનૌપચારિક શિક્ષણને સંબંધિત શૈક્ષણિક પ્રસારણ માટેની વ્યવસ્થા કરવી.

6. શૈક્ષણિક પ્રૌદ્યોગિકીનો અસરકારક ઉપયોગ થાય તેવા સેવાકાલીન તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું.

## *જિલ્લા સંસાધન એકમ (ડીઆરયુ)*

1. જિલ્લાની અન્ય સંસ્થાઓ સાથે મળી જિલ્લાનાં પ્રૌઢશિક્ષણ અને અનૌપચારિક શિક્ષણ માટેનાં કાર્યક્રમોનું અને સંકલન કરવું.
2. જિલ્લામાં ચાલતા પ્રૌઢ શિક્ષણ અને અનૌપચારિક શિક્ષણ અંગેના તાલીમ કાર્યક્રમોનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવું અને તેની ગુણવતામાં સતત વધારો થાય તેમ માટે પ્રયત્નો કરવા.
3. જિલ્લામાં અનૌપચારિક શિક્ષણનાં કેન્દ્રો અને પ્રૌઢ શિક્ષણ કેન્દ્રો માટે સંદર્ભ કેન્દ્ર અને સમસ્યાઓનાં ઉકેલ માટેની કેન્દ્રવર્તી શાખા તરીકે વર્તવું તથા તે માટે ક્ષેત્રિય આંતરક્રિયા અને તે અંગેના પ્રકલ્પો હાથ ધરવા.
4. અન્ય શાખાઓ સાથે મળીને પ્રૌઢ શિક્ષણ અને અનૌપચારિક શિક્ષણનાં ક્ષેત્ર સાથે સંબંધિત ક્રિયાત્મક સંશોધનો હાથ ધરવા.
5. પૂર્વ સેવાકાલીન અને સેવાકાલીન કાર્યક્રમોમાં પ્રૌઢશિક્ષણ અને અનૌપચારિક શિક્ષણ અંગેની જાણકારી આપવી.
6. શાખા માટે આયોજન અને જરૂરી મોડેલ્સ તૈયાર કરવા.
7. સમાજમાં સાક્ષરતા અને જાગૃતિમાં વધારો થાય તેવી તમામ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

## *કાર્યાનુભવ (ડબલ્યુઈ) શાખા*

1. કાર્યાનુભવ સંબંધિત કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓની વિગતવાર યાદી તૈયાર કરવી.
2. કાર્યાનુભવનાં ક્ષેત્ર સાથે સંબંધિત અને સ્થાનિક કક્ષાએ ઉપયોગી થાય તેવી પ્રવૃત્તિઓ, ઓછી કિંમતનાં શૈક્ષણિક સાધનો, મૂલ્યાંકન ઉપકરણો, પ્રયુક્તિઓ અને કાર્યોની જાણકારી મેળવવી તથા તે ક્ષેત્રોમાં જાગૃતિ લાવવી.
3. કાર્યાનુભવ માટેની પ્રવૃત્તિઓ માટે સાહિત્ય તૈયાર કરવું.
4. ભવનની અન્ય પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં કાર્યાનુભવ સંબંધિત સૂચનો આપવા.

5. શાખાનું વિગતવાર આયોજન તૈયાર કરવું.

6. કાર્યાનુભવ પ્રવૃત્તિઓ માટે બાગ અને બગીચાની જાળવણી કરવી.

7. ભવન માટે ઈકો–કલબ સંલગ્ન પ્રવૃત્તિઓ અને કેમ્પસ ડેવલોપમેન્ટને લગતી પ્રવૃત્તિઓ હાથ ધરવી.

8. ભવનનાં તાલીમાર્થીઓમાં કાર્યાનુભવ સંબંધિત શોખ વિકસે તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

## *ગણિત – વિજ્ઞાન એકમ (એમએસયુ)*

1. આ શાખાનું મુખ્ય કાર્ય પ્રાથમિક શિક્ષકોને ગણિત – વિજ્ઞાનન વિષયોમાં સુસજ્જ બનાવવા અને ગણિત – વિજ્ઞાન વિષયોની ગુણવત્તા વધારવી.

2. વિજ્ઞાન વિષયને લગતી સ્પર્ધાઓ માધ્યમિક કક્ષાએ યોજવી જેવી કે નેશનલ સાયન્સ સેમીનાર, ઈન્ટેલ સાયન્સ ટેલેન્ટ ડીસ્કવરી ફેર.

3. પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ તાલુકા તથા જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન કરવું અને યોજવા.

4. ઈકો કલબની રચના કરવી અને વ્યવસ્થિત રીતે ચલાવવા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર
# મંજૂર થયેલ મહેકમ

| ક્રમ | જગ્યાનું નામ | કક્ષા | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| 1. | પ્રાચાર્યશ્રી | 01 | 01 | - | 01 |
| 2. | સિનિયર લેકચરર | 03 | 07 | 04 | 03 |
| 3. | જુનિયર લેકચરર | 03 | 15 | 11 | 04 |
| 4. | ટેક્નીશ્યન | 03 | 01 | - | 01 |
| 5. | ગ્રંથપાલ | 03 | 01 | - | 01 |
| 6. | ગૃહપતિ | 03 | 01 | - | 01 |
| 7. | કોમ્પ્યૂટર ઓપરેટર | 03 | 01 | - | 01 |
| 8. | ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ | 03 | 01 | - | 01 |
| 9. | હેડકલાર્ક મહેકમ / હિસાબી | 03 | 02 | 01 | 01 |
| 10. | સિનિયર કલાર્ક / આંકડા | 03 | 03 | 03 | - |
| 11. | જુનિયર કલાર્ક | 03 | 02 | 01 | 01 |
| 12. | પટ્ટાવાળા | 04 | 03 | 02 | 01 |
| 13. | ચોકીદાર | 04 | 01 | - | 01 |
| | **કુલ** | **-** | **39** | **22** | **17** |
| 14. | IEDSS સેલ દ્વારકા પ્રવાસી શિક્ષક | 03 | 0 | 11 | - |


# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર
# અમારો પરિવાર

| ક્રમ | કર્મચારીનું નામ | હોદો | લાયકાત | શાખા |
|---|---|---|---|---|
| 1. | ડો. કે. કે. કરકર | પ્રાચાર્યશ્રી | એમ.એ., એમ.એડ્., પીએચ.ડી. | - |
| 2. | શ્રી કે. વી. રીંડાણી | સિ.લે. | એમ.એસસી., બી.એડ્. (વિજ્ઞાન), સી.આઈ.સી. | પીએસટીઈ (વિજ્ઞાન) |
| 3. | શ્રી વી. એ. પટેલ | સિ.લે. | એમ.એ., એમ.એડ્. (સમાજ નવરચના) | ડબલ્યુઈ |
| 4. | શ્રી એમ. ડી. બગડા | સિ.લે. | એમ.એ.(હિન્દી), બી.એડ્., એમ.એ. (એજયુ.) | ડીઆરયુ |
| 5. | ડો. એસ. જે. જાની | સિ.લે. | એમ.એસસી. (ભૌ. વિજ્ઞાન), એમ.એડ્., પીએચ.ડી. (એજયુ.) | ઈટી |
| 6. | ડૉ. પી. સી. જાડેજા | જુ.લે. | એમ.એ. (સંસ્કૃત / ગુજરાતી) એમ.એડ્., પીએચ.ડી. (એજયુ.) | પીએસટીઈ (ગુજરાતી) |
| 7. | શ્રી જે. એસ. ચિકાણી | જુ.લે. | એમ.એસસી. (ફિઝિક્સ), એમ.એડ્. | ડબલ્યુ. ઈ. |
| 8. | શ્રી જી. એન. પોંકિયા | જુ.લે. | એમ.એ. (સમાજશાસ્ત્ર), બી.એડ્. | પીએસટીઈ (સા.વિ.) |
| 9. | શ્રી એમ. એસ. પંચાલ | જુ.લે. | એમ.એસસી. (વિજ્ઞાન ગણિત), એમ.એડ્. | પીએસટીઈ (વિજ્ઞાન) |
| 10. | શ્રી એસ. એમ. રેહિલ | જુ.લે. | એમ.પી.એડ્., એન.આઈ.એસ. | પીએસટીઈ (શા.શિ.) |
| 11. | ડો. એચ. એમ. અકવાલિયા | જુ.લે. | એમ.કોમ., એમ.એડ્., પીએચ.ડી. (એજયુ.) | પીએસટીઈ (મનો વિજ્ઞાન) |
| 12. | ડો. એસ. એમ. પંડયા | જુ.લે. | પી.ટી.સી., એમ.કોમ., ડી.સી.એસ., એમ.એડ્., જી–સ્લેટ (એજયુ., કોમર્સ), પીએચ.ડી. (એજયુ.), | પીએન્ડએમ |


| ક્રમ | કર્મચારીનું નામ | હોદો | લાયકાત | શાખા |
|---|---|---|---|---|
| 13. | ડો. એસ. એમ. ચોવટિયા | જુ.લે. | એમ.કોમ., એમ.એડ્., પીએચ.ડી. (એજયુ.), જી–સ્લેટ, ડીસીએસ. | આઈએફઆઈસી |
| 14. | ડો. ડી. ડી. આસોંદરિયા | જુ.લે. | એમ.એ. (અંગ્રેજી), એમ.એડ્., પીએચ.ડી. (એજયુ.) | પીએસટીઈ (અંગ્રેજી) |
| 15. | શ્રી વી. વી. સુરેલિયા | જુ.લે. | એમ.એસસી. (મેથ્સ), એમ.એડ્., યુ.જી.સી.–નેટ (એજયુ.), સ્લેટ (એજયુ.), સી.આઈ.સી. | પીએસટીઈ (મેથ્સ) |
| 16. | ડો. જે. જે. કાનાણી | જુ.લે. | એમ.એસસી (કેમેસ્ટ્રી), એમ.એડ્. | આઈએફઆઈસી |
| 17. | શ્રી એચ. આર. ઝિંઝુવાડિયા | હેડ કલાર્ક | બી.કોમ. | વહીવટી |
| 18. | શ્રી સી. કે. લધાણી | સિનિયર કલાર્ક | એમ. કોમ. | વહીવટી |
| 19. | શ્રી કે. આર. વ્યાસ | સિનિયર કલાર્ક | પી.ટી.સી., બી.સી.એ., પી.જી.ડી.સી.એ., એમ.સી.એ. | વહીવટી |
| 20. | શ્રી ડી. બી. પ્રજાપતિ | સિનિયર કલાર્ક | એમ.એ., બી.એડ્. | વહીવટી |
| 21. | શ્રી જી. જી. ગોરડ | પટ્ટાવાળા | એસ. એસ. સી. | બિન શૈક્ષણિક |
| 22. | શ્રી પી. બી. ચૌહાણ | પટ્ટાવાળા | ઓલ્ડ એસ. એસ. સી. | બિન શૈક્ષણિક |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર અન્ય સંસ્થાઓ સાથેનું સંકલન

## નાણાંકીય સહાયક તંત્ર




## તાલીમ સહાયક તંત્ર :



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો લેબ એરીયા

- જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ
- નિમ્ન સાક્ષરતા આંક ધરાવતા દેવભૂમી દ્વારકા જિલ્લાના ખંભાળીયા અને કલ્યાણપુર ત્રણ તાલુકાઓ
- જિલ્લાની સિદ્ધિ કસોટીમાં પ્રાપ્ત થયેલ નિમ્ન સિદ્ધિવાળા વિષયો અને તાલુકા
- NAS ના નબળા આવેલા પરિણામ વાળા તાલુકાની શાળાઓ
- જિલ્લાના દરિયાઈ પટ પર આવેલ 20% સાક્ષરતા ધરાવતા ગામોની કુલ – 137 શાળાઓ
- પી.એસ.ટી.ઈ. શાખાના તાલીમાર્થીઓની પ્રાયોગિક શાળાઓ
- જિલ્લાની ગુણોત્સવમાં ડી, ઈ કે એફ ગ્રેડ મેળવેલી શાળાઓ.
- બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ

# તાલુકાવાર શૈક્ષણિક માહિતી

## 1. લાયઝનીંગ અધિકારીની માહિતી

| ક્રમ | લેકચરરનું નામ | લાયઝનીંગ માટે ફાળવેલ તાલુકો | કોન્ટેકટ નંબર |
|---|---|---|---|
| 1 | શ્રી વી. એ. પટેલ | ધ્રોલ | **9426458756** |
| 2 | શ્રી એમ. ડી. બગડા | ખંભાળિયા | **9426412771** |
| 3 | શ્રી કે. વી. રીંડાણી | દ્વારકા | **9427170259** |
| 4 | ડો. એસ. જે. જાની | લાલપુર | **9427514635** |
| 5 | શ્રી જે. એસ. ચિકાણી | ભાણવડ | **9428277903** |
| 6 | શ્રી એસ. એમ. રેહીલ | જોડીયા | **9408923874** |
| 7 | ડો. એસ. એમ. પંડયા | જામનગર (તાલુકો તથા કોર્પોરેશન) | **9228104846** |
| 8 | શ્રી વી. વી. સુરેલિયા | કલ્યાણપુર | **8849400537** |
| 9 | શ્રી જે. જે. કાનાણી | જામજોધપુર | **9998965047** |
| 10 | ડો. ડી. ડી. આસોદરિયા | કાલાવડ | **9824175618** |

## 2. તાલુકાવાર બી.આર.સી.કો–ઓર્ડીનેટર્સની માહિતી

| ક્રમ | નામ | તાલુકો | કોન્ટેકટ નં. | ઈ–મેઈલ |
|---|---|---|---|---|
| 1 | હિપલભાઈ એ. ચંદ્રાવડિયા | જામનગર | 8128626595 | brajamnagar1@gmail.com |
| 2. | મનિષભાઈ ચાવડા | ધ્રોલ | 8160687133 | brcjmr.dhrol@gmail.com |
| 3 | પ્રાગજીભાઈ માણેક | દ્વારકા | 9428726083 | brcdwarka@gmail.com |
| 4 | લક્ષ્મણભાઈ કરંગિયા | ખંભાળિયા | 9537848889 | brcjamkhambhaliya@gmail.com |
| 5 | રાહુલભાઈ પી. વાણંદ | કાલાવડ | 9714128219 | brc.jmr.kalavad@gmail.com |
| 6 | આશિષભાઈ રામાનુજ | જોડિયા | 9925290013 | brcjodiya@gmail.com |
| 7 | નિકુંજભાઈ પી. ચોટાઈ | જામજોધપુર | 9727730930 | brcjamjodhpur@gmail.com |
| 8 | જેઠાભાઈ ગામી | કલ્યાણપુર | 9824238414 | brcjamkalyanpur@yahoo.com |
| 9 | યશપાલસિંહ જાડેજા | લાલપુર | 9687711005 | brclalpur@gmail.com |
| 10 | નિલેશભાઈ ડી. ગાગલિયા | ભાણવડ | 9016905708 | brcbhanvad@gmail.com |

### 3. તાલુકાવાર સાક્ષરતા દર

| ક્રમ | તાલુકાનું નામ | સાક્ષરતા દર | | |
|---|---|---|---|---|
| | | સ્ત્રી | પુરૂષ | કુલ |
| 1. | ધ્રોલ | 61.53 | 74.11 | 67.95 |
| 2. | જોડિયા | 72.26 | 64.28 | 56.07 |
| 3. | જામનગર | 76.48 | 71.45 | 65.96 |
| 4. | કાલાવડ | 73.46 | 66.94 | 60.22 |
| 6. | જામજોધપુર | 98.91 | 73.01 | 66.17 |
| 5. | લાલપુર | 68.01 | 60.05 | 51.71 |
| 7. | ભાણવડ | 53.59 | 69.37 | 61.64 |
| 8. | દ્વારકા | 49.80 | 67.22 | 58.80 |
| 9. | કલ્યાણપુર | 67.51 | 58.43 | 49.08 |
| 10. | ખંભાળિયા | 68.43 | 59.77 | 50.43 |

SOURCE : Census - 2011

### 4. તાલુકાવાર સી.આર.સી., શાળાઓ અને શિક્ષકોની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | સીઆરસીની સંખ્યા | શાળાની સંખ્યા | | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | | ધો. ૧ થી ૫ | ધો. ૧ થી ૮ | (વર્ગ 1 થી 8) |
| 1. | ધ્રોલ | 10 | 1 | 69 | 358 |
| 2. | જોડિયા | 14 | 1 | 52 | 282 |
| 3. | જામનગર | 34 | 12 | 237 | 1772 |
| 4. | કાલાવડ | 18 | 6 | 112 | 579 |
| 6. | જામજોધપુર | 17 | 6 | 110 | 585 |
| 5. | લાલપુર | 18 | 16 | 123 | 604 |
| 7. | ભાણવડ | 15 | 6 | 112 | 549 |
| 8. | દ્વારકા | 15 | 9 | 85 | 427 |
| 9. | કલ્યાણપુર | 25 | 67 | 150 | 774 |
| 10. | ખંભાળિયા | 28 | 26 | 186 | 1033 |
| | **કુલ** | **194** | **150** | **1236** | **6963** |

(Source : DISE report 2016-17. Local body and MSB schools)

## 5. તાલુકા વાઈસ જીઈઆર, એનઈઆર, ડ્રોપ આઉટ રેટ અને રીપીટેશન રેટ

| ક્રમ | તાલુકો | કુલ (૬ થી ૧૪ વર્ષ) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | જીઈઆર | કુમાર | કન્યા | એનઈઆર | ડ્રોપઆઉટ | રીપીટેશન રેટ |
| 1 | ધ્રોલ | 99.87 | 99.86 | 99.86 | 91.55 | 92.77 | 92.10 | 5.34 | 6.57 |
| 4 | જોડીયા | 99.65 | 99.57 | 99.61 | 91.42 | 92.70 | 92.02 | 3.63 | 4.45 |
| 3 | જામનગર | 99.17 | 99.16 | 99.16 | 88.36 | 88.65 | 88.50 | 4.81 | 5.93 |
| 5 | કાલાવડ | 99.92 | 99.94 | 99.93 | 91.67 | 91.92 | 91.78 | 3.83 | 4.40 |
| 2 | જામજોધપુર | 99.88 | 99.88 | 99.88 | 91.40 | 92.17 | 91.77 | 5.80 | 6.63 |
| 6 | લાલપુર | 99.82 | 99.91 | 99.86 | 88.80 | 89.69 | 89.21 | 4.25 | 5.09 |
| 7 | ભાણવડ | 99.52 | 99.56 | 99.54 | 81.02 | 81.38 | 81.19 | 5.27 | 94.73 |
| 8 | દ્વારકા | 98.45 | 98.47 | 98.46 | 80.66 | 81.65 | 81.12 | 7.40 | 92.60 |
| 9 | કલ્યાણપુર | 99.93 | 99.88 | 99.91 | 82.05 | 82.17 | 82.11 | 5.45 | 94.55 |
| 10 | ખંભાળીયા | 99.25 | 99.48 | 99.36 | 79.68 | 80.84 | 80.22 | 6.10 | 93.90 |
| | કુલ | 99.55 | 99.57 | 99.56 | 86.66 | 87.39 | 87.00 | 5.19 | 40.89 |

(Source : DISE report 2016-17. Local body and MSB schools)

## 6. ધોરણ ૧ થી ૮ વિદ્યાર્થી સંખ્યા

| તાલુકો | ધોરણ ૧–૫ | | ધોરણ ૬–૮ | |
|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ધ્રોલ | 2497 | 2210 | 1185 | 1142 |
| જોડીયા | 1978 | 1839 | 1016 | 935 |
| જામનગર | 13316 | 15467 | 8823 | 10077 |
| કાલાવડ | 3981 | 3608 | 1957 | 1875 |
| જામજોધપુર | 3744 | 3969 | 2471 | 2629 |
| લાલપુર | 4403 | 4534 | 2769 | 2893 |
| ભાણવડ | 3733 | 3982 | 2456 | 2783 |
| દ્વારકા | 4280 | 4646 | 2603 | 2684 |
| કલ્યાણપુર | 5674 | 6674 | 3308 | 4409 |
| ખંભાળીયા | 7605 | 8508 | 5178 | 9475 |
| કુલ | 51211 | 55437 | 31766 | 38902 |

(Source : DISE report 2016-17. Local body and MSB schools)

## 6. જિલ્લાની એકંદર શૈક્ષણિક વિગત :

| ક્રમ નં. | વિગત | જામનગર જિલ્લો | દેવભૂમિ દ્વારકા જિલ્લો |
|---|---|---|---|
| 1 | બ્લોકસ | 6 | 4 |
| 4 | સીઆરસી સેન્ટર | 109 | 83 |
| 3 | કુલ પ્રાથમિક શાળા | 1130 | 839 |
| 5 | કુલ પ્રાથમિક શિક્ષકો | 7957 | 4316 |
| 6 | કુલ પ્રાથમિક વિદ્યાર્થીઓ | 188689 | 107904 |
| 7 | સરકારી શાળાઓ (ધો. ૧ થી ૫) | 45 | 109 |
| 8 | સરકારી શાળાઓ (ધો. ૬ થી ૮) | 715 | 539 |
| 9 | સરકારી શાળાના શિક્ષકો (ધો. ૧ થી ૫) | 2522 | 1760 |
| 10 | સરકારી શાળાના શિક્ષકો (ધો. ૬ થી ૮) | 1915 | 1230 |
| 11 | સરકારી શાળાના વિદ્યાર્થીઓ (ધો. ૧ થી ૫) | 59626 | 43510 |
| 12 | સરકારી શાળાના વિદ્યાર્થીઓ (ધો. ૬ થી ૮) | 36245 | 26338 |

# કાર્યક્રમ અનુસાર આયોજન (વર્ષ : ૨૦૧૮–૧૯)

## શિક્ષકો, બી.આર.સી./સી.આર.સી. કો–ઓર્ડીનેટરર્સ, એસ.એમ.સી. સભ્યો વગેરે માટેનાં તાલીમ કાર્યક્રમો

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમનાં દિવસો | લાભાર્થીની સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | સીએમડીઈ | નેશનલ અચીવમેન્ટ સર્વે 2017 ના પરિણામ આધારિત ધોરણ 3,5,8 માટે મોડયુલ નિર્માણ તાલીમ વર્ગ | ▪ NAS-2017 ના પરિણામ આધારિત અધ્યયન નિષ્પતિ સરળીકરણ મોડયુલનું નિર્માણ થશે. | જૂન | બીઆરસી ભવન – ધ્રોલ | શિક્ષકો | 2 | 3 | 100 | 12 | 50,000 |
| 2 | ડબલ્યુઈ | બાળમેળા અને જીવન કૌશલ્ય આધારિત મેળાની આયોજન માટેની મીટીંગ | ▪ સમગ્ર જિલ્લાની શાળાઓમાં એક સાથે બાળમેળા અને જીવન કૌશલ્ય આધારિત મેળાનાં આયોજન માટે | જૂન | ડાયેટ જામનગર | બીઆરસી સીઆરસી કો.ઓ. | 2 | 1 | 140 | - | 70,000 |
| 3 | પીએન્ડએમ | NAS-2017 રીઝલ્ટ શેરીંગ વર્કશોપ | ▪ NAS-2017 નાં પરિણામોની ચર્ચા અને તેના આધાર પર એકશન પ્લાન બનાવી શકાશે. | જૂલાઈ | તાલુકા કક્ષાએ | બીઆરસી તથા સીઆરસી કો.ઓ. | 2 | 1 | 200 | 12 | 1,00,000 |
| 4 | પીએસટીઈ | GELDP અન્વયે શિક્ષક માટેનો વર્કશોપ | ▪ અંગ્રેજીને પ્રથમ ભાષા તરીકે શીખવવાની વિવિધ પદ્ધતિઓથી જાણકાર બને.<br>▪ અંગ્રેજી વિષયનાં શિક્ષકોની સજજતા વધે. | જૂલાઈ | ડાયેટ જામનગર | ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો | 1 | 7 | 30 | - | 1,12,500 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમનાં દિવસો | લાભાર્થીની સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 5 | આઈએફઆઈસી | શાળા નેતૃત્ત્વ વિકાસ કાર્યક્રમ | ▪ આચાર્યોમાં નેતૃત્વનાં ગુણોનો વિકાસ થાય.<br>▪ શાળા વિકાસ માટે વિવિધ કાર્યક્રમોના યોગ્ય અમલીકરણનું આયોજન કરી શકાય. | ઓગસ્ટ | ડાયેટ જામનગર | પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 115 | | 1,15,000 |
| 6 | ઈટી | આઈસીટી ઉન્નતિકરણ માટેનો તાલીમ વર્ગ | ▪ શિક્ષકો વર્ગ શિક્ષણકાર્યમાં આઈસીટીનો વધુને વધુ ઉપયોગ કરતા થાય.<br>▪ શિક્ષકો આઈસીટીનાં નવીન પ્રવાહોથી વાકેફ થાય | ઓગસ્ટ | ડાયેટ જામનગર | ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 100 | 12 | 1,00,000 |
| 7 | ડબલ્યુઈ | ગણિત–વિજ્ઞાન પ્રદર્શન આયોજન બેઠક | ▪ ગણિત–વિજ્ઞાન પ્રદર્શનનું સુચારુ આયોજન થઈ શકે | ઓગસ્ટ | ડાયેટ જામનગર | બીઆરસી તથા સીઆરસી કો.ઓ. | 4 | 1 | 200 | 12 | 1,00,000 |
| 8 | પીએસટીઈ | GELDP અન્વયે શિક્ષક માટેનો વર્કશોપ | ▪ અંગ્રેજીને પ્રથમ ભાષા તરીકે શીખવવાની વિવિધ પદ્ધતિઓથી જાણકાર બને.<br>▪ અંગ્રેથી શિક્ષણ વધુ સઘન બને.<br>▪ અંગ્રેજી વિષયનાં શિક્ષકોની સજજતા વધે. | સપ્ટેમ્બર | ડાયેટ જામનગર | ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો | 1 | 7 | 30 | - | 1,12,500 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમનાં દિવસો | લાભાર્થીની સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | આઈએફઆઈસી | માસ્ટર ટ્રેનર તાલીમ વર્ગ (ધો. 1 અને ર) | ▪ ધોરણ 1 અને 2 નાં પ્રજ્ઞા વર્ગોનું વર્ગ શિક્ષણકાર્ય સઘન બને તે માટે સીઆરસી કક્ષાની ધોરણ 1 અને 2 ની તાલીમ માટે માસ્ટર ટ્રેનર્સ તૈયાર કરવા. | સપ્ટેમ્બર | ડાયેટ જામનગર | પ્રાથમિક શિક્ષકો | 2 | 4 | 100 | 24 | 2,00,000 |
| 10 | ડબલ્યુઈ | કલા ઉત્સવ આયોજન બેઠક | ▪ જિલ્લા કક્ષાની કલા ઉત્સવ સ્પર્ધાનું સુચારુ આયોજન અને વ્યવસ્થા થઈ શકે. | સપ્ટેમ્બર | ડાયેટ જામનગર | બીઆરસી સીઆરસી કો.ઓ. | 4 | 1 | 200 | 12 | 1,00,000 |
| 11 | સીએમડીઈ | પ્રથમ સત્રાંત પરીક્ષા (SA) માટે પ્રશ્નપત્ર સંરચના કાર્યશાળા | ▪ જીસીઈઆરટી માંથી મળેલ નવી બ્લ્યુ પ્રિન્ટ આધારિત પ્રશ્નપત્રની સંરચના કરવી. | સપ્ટેમ્બર | ડાયેટ જામનગર | ધોરણવાર વિષય શિક્ષકો | 1 | 3 | 50 | 9 | 75,000 |
| 12 | ડીઆરયુ | આઈસીડીએસ કાર્યકરો માટે કેપેસીટી બિલ્ડીંગ વર્કશોપ | ▪ આઈસીડીએસ કાર્યકરોની વ્યવસાયિક સજ્જતામાં વધારો થશે. | સપ્ટેમ્બર | ડાયેટ જામનગર | આઈસીડીએસ કાર્યકરો | 2 | 2 | 100 | 12 | 1,00,000 |
| 13 | આઈએફઆઈસી | માસ્ટર ટ્રેનર તાલીમ વર્ગ (ધો. 3 થી 5) | ▪ ધોરણ 3 થી 5 નાં વર્ગોનું વર્ગ શિક્ષણકાર્ય સઘન બને તે માટે સીઆરસી કક્ષાની ધોરણ 3 થી 5 ની તાલીમ માટે માસ્ટર ટ્રેનર્સ તૈયાર કરવા. | સપ્ટેમ્બર | ડાયેટ જામનગર | પ્રાથમિક શિક્ષકો | 2 | 4 | 120 | 24 | 2,40,000 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમનાં દિવસો | લાભાર્થીની સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | ઈટી | આઈસીટી ઉન્નતિકરણ માટેનો તાલીમ વર્ગ | ▪ શિક્ષકો વર્ગ શિક્ષણકાર્યમાં આઈસીટીનો વધુને વધુ ઉપયોગ કરતા થાય.<br>▪ શિક્ષકો આઈસીટીનાં નવીન પ્રવાહોથી વાકેફ થાય | ઓકટોબર | ડાયેટ જામનગર | ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 100 | 12 | 1,00,000 |
| 15 | ડીઆરયુ | જાતીયતા, સંવેદનશીલતા અને શિક્ષણ અંગે સેમીનાર | ▪ જાતીયતા સંદર્ભે જાગૃતિ કેળવાય.<br>▪ શિક્ષણમાં જાતિયતા સંદર્ભે સંવેદનશીલતા જાગૃત થાય | ઓકટોબર | ડાયેટ જામનગર | ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 115 | 12 | 1,15,000 |
| 16 | આઈએફઆઈસી | માસ્ટર ટ્રેનર તાલીમ વર્ગ (ધો. 6 થી 8) | ▪ ધોરણ 6 થી 8 નાં વિવિધ વિષયોની સીઆરસી કક્ષાની તાલીમ માટે માસ્ટર ટ્રેનર્સ તૈયાર કરવા. | ઓકટોબર | ડાયેટ જામનગર | ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો એસઆરજી | 2 | 4 | 140 | 24 | 2,80,000 |
| 17 | સીએમડીઈ | નેશનલ અચીવમેન્ટ સર્વેનાં પરિણામ આધારિત ધોરણ 3, 5, 8 ની વિષયવાર અધ્યયન નિષ્પતિઓ આધારિત તાલીમ | ▪ NAS-2017 માં ધોરણ વાર અને વિષયવાર નબળું પરિણામ ધરાવતી અધ્યયન નિષ્પતિઓનું સરળીકરણ થઈ શકે. | ઓકટોબર | ડાયેટ જામનગર | એસઆરજી, ડીઆરજી, બીઆરસી, પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 115 | 12 | 1,15,000 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમનાં દિવસો | લાભાર્થીની સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 18 | ડીઆરયુ | સમાવેશી શિક્ષણ અંગેનો તાલીમ વર્ગ | ▪ શિક્ષકો સમાવેશી શિક્ષણની ભૂમિકાથી પરિચિત થાય.<br>▪ શિક્ષકો સમાવેશી શિક્ષણની સંકલ્પના, મહત્વથી પરિચિત થાય.<br>▪ શિક્ષકો સમાવેશી શિક્ષણનાં વધુને વધુ અમલીકરણ માટે તૈયાર થાય. | નવેમ્બર | ડાયેટ જામનગર | પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 100 | 12 | 1,00,000 |
| 19 | ડબલ્યુઈ | જીવન કૌશલ્ય આધારિત તાલીમ કાર્યક્રમ | ▪ શિક્ષકોમાં વર્ગશિક્ષણ કાર્ય સાથે જીવન કૌશલ્યોને સંકલિત કરવાની દૃષ્ટિ વિકસે | નવેમ્બર | ડાયેટ જામનગર | પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 100 | 12 | 1,00,000 |
| 20 | આઈએફઆઈસી | કલા સંકલિત શિક્ષણ માટેનો તાલીમ વર્ગ | ▪ કલાનાં વિનિયોગ દ્વારા શિક્ષણ વધુ રસપ્રદ બને તે માટે શિક્ષકોમાં કૌશલ્યોનો વિકાસ થાય | ડિસેમ્બર | ડાયેટ જામનગર | પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 115 | 12 | 1,15,000 |
| 21 | સીએમડીઈ | શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંગેનો તાલીમ વર્ગ | ▪ શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનનાં અમલીકરણના સંદર્ભમાં માર્ગદર્શન મળશે. | ડિસેમ્બર | ડાયેટ જામનગર | પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 100 | 12 | 1,00,000 |
| 22 | આઈએફઆઈસી | વૈકલ્પિક અધ્યયન પદ્ધતિઓનાં વિકાસ માટેનો તાલીમ વર્ગ | ▪ વર્ગશિક્ષણ કાર્યનાં સંદર્ભમાં શિક્ષકો વૈકલ્પિક અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ કરતા થાય | ડિસેમ્બર | ડાયેટ જામનગર | શિક્ષકો | 2 | 3 | 100 | 18 | 1,50,000 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | હેતુઓ | સંભવિત માસ | સ્થળ | લાભાર્થી જૂથ | તાલીમ વર્ગની સંખ્યા | તાલીમનાં દિવસો | લાભાર્થીની સંખ્યા | તજજ્ઞ સંખ્યા | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 23 | ડબલ્યુઈ | સામાજિક સહભાગીતા અંગેનો સેમીનાર | ▪ સામાજિક સહભાગીતા દ્વારા શાળાના વિકાસનું આયોજન થાય તે માટે શિક્ષકોને માર્ગદર્શન મળશે. | જાન્યુઆરી 2019 | ડાયેટ જામનગર | પ્રાથમિક શિક્ષકો | 2 | 2 | 100 | 12 | 1,00,000 |
| 24 | સીએમડીઈ | નવા પાઠ્યપુસ્તકો આધારિત તાલીમ | ▪ સ્વનિર્ભર શાળાનાં શિક્ષકોને નવા પાઠ્યપુસ્તકો અમલીકરણ માટે માર્ગદર્શન પ્રાપ્ત થશે | જાન્યુઆરી 2019 | ડાયેટ જામનગર | સ્વનિર્ભર શાળાઓના શિક્ષકો | 2 | 2 | 100 | 12 | 10,000 |
| 25 | પીએન્ડએમ | શાળા વિકાસ યોજના અંગેનો તાલીમ વર્ગ | ▪ આચાર્યોને શાળા વિકાસ યોજના તૈયાર કરવા માટે માર્ગદર્શન મળશે. | જાન્યુઆરી 2019 | ડાયેટ જામનગર | આચાર્યો | 2 | 2 | 115 | 12 | 1,15,000 |
| 26 | આઈએફઆઈસી | જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેર આયોજન બેઠક | ▪ જિલ્લા કક્ષાનાં ઈનોવેશન ફેરનું સુચારુ આયોજન થઈ શકે. | ફેબ્રુઆરી - 2019 | ડાયેટ જામનગર | ઈનોવેટીવ શિક્ષકો | 2 | 1 | 100 | 6 | 50,000 |
| 27 | સીએમડીઈ | દ્વિતીય સત્રાંત પરીક્ષા (SA) માટે પ્રશ્નપત્ર સંરચના કાર્યશાળા | ▪ જીસીઈઆરટી માંથી મળેલ નવી બ્લ્યુ પ્રિન્ટ આધારિત પ્રશ્નપત્રની સંરચના કરવી. | ફેબ્રુઆરી- 2019 | ડાયેટ જામનગર | ધોરણવાર વિષય શિક્ષકો | 1 | 3 | 50 | 9 | 75,000 |
| | | | | | | **કુલ** | **53** | **69** | **2935** | **306** | **30,00,000** |

# ડાયટ ફેકલ્ટીઝ ડેવલોપમેન્ટ માટેનાં કાર્યક્રમો

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | સંસ્થાનું નામ | હેતુઓ | તાલીમના દિવસો | અધ્યાપકોની સંખ્યા | યુનિટ કોસ્ટ | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | પીએન્ડએમ | નેતૃત્વ વિકાસ અંગેનો તાલીમ વર્ગ | AMA અમદાવાદ | ▪ ડાયેટ લેકચરર્સની નેતૃત્વ શકિતની ખીલવણી થાય.<br>▪ ડાયેટ લેકચરર્સની સજજતામાં વધારો થાય. | 5 | 13 | 7000 | 91,000 |
| 2 | પીએન્ડએમ | એજયુકેશનલ એકસપોઝર વિઝિટ | મહારાષ્ટ્ર રાજયની એસસીઈઆરટી, જુદા જુદા જિલ્લાના શિક્ષણ અને તાલીમ ભવનો તથા અનય શૈક્ષણિક સંસ્થાઓ | ▪ મહારાષ્ટ્ર રાજયનાં એસસીઈઆરટીની કામગીરી, વિશિષ્ટતાઓ અને બેસ્ટ પ્રેકટીસીઝ વિશે જાણકારી મળશે. તથા શૈક્ષણિક બાબતોની આપ–લે થઈ શકશે.<br>▪ મહારાષ્ટ્ર રાજયનાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં થતી કામગીરી વિશે જાણકારી પ્રાપ્ત થશે તથા સમગ્ર રાજયની શૈક્ષણિક તથા તાલીમ અંગેની પરિસ્થિતિ વિશે જાણકારી પ્રાપ્ત થશે. | 6 | 6 | 10000 | 60,000 |
| 3 | પીએન્ડએમ | એજયુકેશનલ એકસપોઝર વિઝિટ | કેરેલા રાજયની એસસીઈઆરટી, જુદા જુદા જિલ્લાના શિક્ષણ અને તાલીમ ભવનો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ | ▪ કેરેલા રાજયનાં એસસીઈઆરટીની કામગીરી, વિશિષ્ટતાઓ અને બેસ્ટ પ્રેકટીસીઝ વિશે જાણકારી મળશે. તથા શૈક્ષણિક બાબતોની આપ–લે થઈ શકશે.<br>▪ કેરેલા રાજયનાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં થતી કામગીરી વિશે જાણકારી પ્રાપ્ત થશે તથા સમગ્ર રાજયની શૈક્ષણિક તથા તાલીમ અંગેની પરિસ્થિતિ વિશે જાણકારી પ્રાપ્ત થશે. | 5 | 7 | 15000 | 1,05,000 |

| ક્રમ | શાખાનું નામ | કાર્યક્રમનું નામ | સંસ્થાનું નામ | હેતુઓ | તાલીમના દિવસો | અધ્યાપકોની સંખ્યા | યુનિટ કોસ્ટ | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | પીએન્ડએમ | એજ્યુકેશનલ એક્સપોઝર વિઝિટ | શાંતિનિકેતન આશ્રમ, પોંડીચેરી | ▪ શાંતિનિકેતનની વિવિધ પ્રવૃતિઓ વિશે જાણકારી પ્રાપ્ત કરે તથા તેનું તાલીમમાં વિનિયોગ કરે | 5 | 7 | 10000 | 70,000 |
| 5 | પીએન્ડએમ | એજ્યુકેશનલ એક્સપોઝર વિઝિટ | રાજસ્થાન રાજ્યની એસસીઈઆરટી, જુદા જુદા જિલ્લાના શિક્ષણ અને તાલીમ ભવનો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ | ▪ રાજસ્થાન રાજ્યનાં એસસીઈઆરટીની કામગીરી, વિશિષ્ટતાઓ અને બેસ્ટ પ્રેક્ટીસીઝ વિશે જાણકારી મળશે તથા શૈક્ષણિક બાબતોની આપ–લે થઈ શકશે.<br>▪ રાજસ્થાન રાજ્યનાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં થતી કામગીરી વિશે જાણકારી પ્રાપ્ત થશે. | 5 | 6 | 10000 | 60,000 |
| 6 | પીએન્ડએમ | એજ્યુકેશનલ એક્સપોઝર વિઝિટ | ભાવનગર જિલ્લામાં લોકભારતી સણોસરા, દક્ષિણામૂર્તિ સંસ્થા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ | ▪ બાળકેળવણી ક્ષેત્રે યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થશે<br>▪ જિલ્લાની બેસ્ટ પ્રેક્ટીસીઝની આપ–લે થશે.<br>▪ બાળકેળવણી ક્ષેત્રે મોન્ટેસરી અને લોકભારતીય સણોસરામાં ઉપયોગમાં લેવામાં આવેલી વિવિધ પદ્ધતિઓ અને અભિગમો વિશે જાણશે. | 4 | 6 | 4000 | 24,000 |
| 7 | પીએન્ડએમ | સંશોધનપત્રોનું લેખન અને રજૂઆત | વિવિધ કોલેજો, જિલ્લા શિક્ષણ તાલીમ ભવનો અને યુનિવર્સિટીઓ | ▪ વ્યાખ્યાતા મિત્રોમાં સંશોધન ક્ષેત્રે વધુ રસ અને રૂચિ કેળવાશે.<br>▪ વિવિધ પ્રકારનાં સંશોધનપત્રો દ્વારા સંશોધનકાર્યને વેગ મળશે. | 7 | 9 | 10000 | 90,000 |
| **કુલ** | | | | | **37** | **54** | | **5,00,000** |

# સંશોધન સંબંધિત પ્રવૃતિઓની વિગત

| ક્રમ | શાખાનું નામ | સંશોધકનું નામ | પ્રવૃતિની વિગત | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | સંશોધનનો નમૂનો | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઈટી | ડો. સંજય જે. જાની | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર દ્વારા આયોજિત આઈસીટી સંબંધિત તાલીમ કાર્યક્રમોની અસરકારકતાનો અભ્યાસ | ▪ આઈસીટી સંબંધિત તાલીમ કાર્યક્રમો વિશે શિક્ષકોનાં અભિપ્રાયો મેળવવા.<br>▪ આઈસીટી સંબંધિત તાલીમ કાર્યક્રમોની અસરકારકતા ચકાસવી. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 2 | ડબલ્યુઈ | શ્રી વી. એ. પટેલ | પ્રાથમિક શાળાઓમાં યોજાતી ઈકો કલબ પ્રવૃતિઓની અસરકારકતાનો અભ્યાસ | ▪ પ્રાથમિક શાળાઓમાં થતી ઈકોકલબ પ્રવૃત્તિઓનો તુલનાત્મક અભ્યાસ કરવો. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 3 | આઈએફઆઈસી | શ્રી જે. જે. કાનાણી | હેડ ટીચર તાલીમની અસરકારકતાનો અભ્યાસ | ▪ ૧૮ દિવસીય હેડટીચર તાલીમ અંગેનાં અભિપ્રાયો મેળવવા.<br>▪ ૧૮ દિવસીય હેડટીચર તાલીમ કાર્યક્રમની અસરકારકતા તપાસવી. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 4 | પીએસટીઈ | શ્રી એસ. એમ. રેહિલ | યોગ અંગેના તાલીમ કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ | ▪ યોગ અંગેના તાલીમ કાર્યક્રમ અંગે શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ કરવો.<br>▪ યોગ તાલીમનું શાળા કક્ષાએ અમલીકરણનો અભ્યાસ કરવો. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 5 | આઈએફઆઈસી | ડો. એસ. એમ. ચોવટિયા | માધ્યમિક શાળાનાં દિવ્યાંગ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ | ▪ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવો. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |

| ક્રમ | શાખાનું નામ | સંશોધકનું નામ | પ્રવૃતિની વિગત | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | સંશોધનનો નમૂનો | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| 6 | પીએસટીઈ | ડો. એચ. એમ. અવાલિયા | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગરનાં બી.એડ્.નાં પ્રશિક્ષણાર્થીઓનાં પરિણામનો તુલનાત્મક અભયાસ | ▪ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગરનાં બી.એડ્.નાં પ્રશિક્ષણાર્થીઓનાં પરિણામનો વર્ષ વાઈઝ અને સત્ર વાઈઝ તુલનાત્મક અભ્યાસ કરવો. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 7 | પીએસટીઈ | શ્રી જી. એન. પોંકિયા | જામનગર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ICT નાં ઉપયોગ અંગેનો અભ્યાસ | ▪ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ICT ના ઉપયોગ અંગે શિક્ષકોનાં અભિપ્રાયો જાણવા.<br>▪ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ICT ના ઉપયોગ અંગે વિદ્યાર્થીઓનાં અભિપ્રાયો જાણવા. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 8 | પીએન્ડએમ | ડો. એસ. એમ. પંડયા | જામનગર તાલુકાની પ્રાથમિક શાળાઓની શાળા વિકાસ યોજનાઓનો અભ્યાસ | ▪ જામનગર તાલુકાની પસંદિત શાળા વિકાસ યોજનાનો તુલનાત્મક અભ્યાસ કરવો. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 9 | ડબલ્યુઈ | શ્રી જે. એસ. ચીકાણી | જાતીયતા સંવેદનશીલતા અંગેના તાલીમ કાર્યક્રમોની અસરકારકતાનો અભ્યાસ | ▪ જાતીયતા સંવેદનશીલતા તાલીમ કાર્યક્રમ અંગે શિક્ષકોનાં અભિપ્રાયો મેળવવા.<br>▪ જાતીયતા સંવેદનશીલતા કાર્યશાળાની અસરકારકતા શિક્ષકોના અભિપ્રાયોના સંદર્ભમાં ચકાસવી. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 10 | પીએસટીઈ | શ્રી એમ. એસ. પંચાલ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જામનગર દ્વારા આયોજિત બી.એડ્. ઈન્ટર્નશીપ તાલીમ કાર્યક્રમોની અસરકારકતાનો અભ્યાસ | ▪ ઈન્ટર્નશીપ કાર્યક્રમનું આયોજન અને અવલોકન કરવું.<br>▪ ઈન્ટર્નશીપ કાર્યક્રમ અંગે બી.એડ્. તાલીમાર્થીઓના અભિપ્રાયો જાણવા. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |

| ક્રમ | શાખાનું નામ | સંશોધકનું નામ | પ્રવૃતિની વિગત | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | સંશોધનનો નમૂનો | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| 11 | પીએસટીઈ | ડો. પી. સી. જાડેજા | જામનગર જિલ્લાનાં બી.એડ્.નાં તાલીમાર્થીઓની જોડણી વિષયક સજ્જતાનો અભ્યાસ | ▪ બી.એડ્. તાલીમાર્થીઓની જોડણી વિષયક સજ્જતાનો અભ્યાસ કરવો. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 12 | ડીઆરયુ | શ્રી એમ. ડી. બગડા | ICDS કાર્યકરો માટેની તાલીમની અસરકારકતાનો અભ્યાસ | ▪ ICDS કાર્યકરો માટેની તાલીમની અસરકારકતા ચકાસવી. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 13 | પીએસટીઈ | શ્રી કે. વી. રીડાણી | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજિત તાલીમ વર્ગો અંગે શિક્ષકોના વલણનો અભ્યાસ | ▪ વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા યોજાયેલ તાલીમ કાર્યક્રમો અંગે શિક્ષકોના વલણોનો અભ્યાસ કરવો. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 14 | પીએસટીઈ | શ્રી વી. વી. સુરેલિયા | ધોરણ – ૬ નાં ગણિતનાં નવા પાઠ્યપુસ્તકનો જૂના પાઠ્યપુસ્તક સાથે તુલનાત્મક અભ્યાસ | ▪ ધો. – ૬ નાં ગણિતનાં જૂના અને નવા પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરવો.<br>▪ બંને પાઠ્યપુસ્તકોની વિવિધ ચલોના સંદર્ભમાં તુલના કરવી. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |
| 15 | પીએસટીઈ | ડો. ડી. ડી. આસોદરિયા | કાલાવડ તાલુકાના પ્રાથમિક કક્ષાના અંગ્રેજી ભાષા શિક્ષણની પ્રવર્તમાન સમસ્યાનો અભ્યાસ | ▪ પ્રાથમિક કક્ષાએ અંગ્રેજી ભાષા શિક્ષણની ગુણવતા સુધારણા માટે ચોકકસ સુચનો કરવા.<br>▪ અંગ્રેજી શિક્ષણ કાર્ય માટે પ્રાથમિક કક્ષાએ શિક્ષકે અમલીકૃત કરેલ અભિગમનો અભ્યાસ કરવો. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 100 | 5,000 |

| ક્રમ | શાખાનું નામ | સંશોધકનું નામ | પ્રવૃતિની વિગત | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | સંશોધનનો નમૂનો | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| 16 | ડીઆરયુ | શ્રી એમ. ડી. બગડા તથા અન્ય | ધોરણ – ૭ નાં હિન્દીનાં પાઠયપુસ્તકની વાંચન ક્ષમતાનો અભ્યાસ | ▪ ધોરણ – ૭ નાં હિન્દીનાં પાઠ્ય પુસ્તકનાં વિષયવસ્તુ, રજૂઆત અને વાંચન ક્ષમતાનો અભ્યાસ કરવો. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | જીસીઈઆરટીની સૂચના મુજબ | 1,35,000 |
| 17 | તમામ શાખા | તમામ લેકચરર્સ | ક્રિયાત્મક સંશોધનની ફાળવણી અને માર્ગદર્શન માટેનો સેમિનાર | ▪ જિલ્લા શિક્ષકોને તેઓનાં વર્ગ કે શાળા કક્ષાની સમસ્યાનાં ઉકેલનાં સંદર્ભમાં ક્રિયાત્મક સંશોધનની ફાળવણી કરવી. | શિક્ષકો | 65 | 52,000 |
| 18 | તમામ શાખા | તમામ લેકચરર્સ | શિક્ષકો દ્વારા હાથ ધરાનાર ક્રિયાત્મક સંશોધનો | ▪ ક્રિયાત્મક સંશોધનની સમસ્યાઓ નકકી થશે.<br>▪ ક્રિયાત્મક સંશોધનનાં હેતુઓ નકકી થશે. | વિદ્યાર્થીઓ, શિક્ષકો | 65 | 65,000 |
| 19 | તમામ શાખા | તમામ લેકચરર્સ | ક્રિયાત્મક સંશોધનનું સંકલન અને પ્રેઝન્ટેશન સેમીનાર | ▪ જિલ્લાના શિક્ષકોને આપેલા ક્રિયાત્મક સંશોધનો પૂર્ણ થતાં તેની સમીક્ષા કરવામાં આવશે અને જરૂરી સુચનો કરવામાં આવશે. | શિક્ષકો | 65 | 52,000 |
| 20 | તમામ શાખા | તમામ લેકચરર્સ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જામનગર દ્વારા આયોજિત તાલીમ કાર્યક્રમોની અસરકારકતાનો અભ્યાસ | ▪ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – દ્વારા વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન યોજાયેલ તાલીમ કાર્યક્રમો અંગે શિક્ષકોનાં અભિપ્રાયો મેળવવા.<br>▪ તાલીમ કાર્યક્રમોની વર્ગ શિક્ષણ કાર્યનાં સંદર્ભમાં અસરકારકતા ચકાસવી. | શિક્ષકો, બી.આર.સી. કો. ઓર્ડીનેટર, સી.આર.સી. કો. ઓર્ડીનેટર, હેડ ટીચર્સ, વિદ્યાર્થીઓ | 1000 | 56,000 |

| ક્રમ | શાખાનું નામ | સંશોધકનું નામ | પ્રવૃતિની વિગત | હેતુઓ | સંશોધનનું લક્ષ્ય જૂથ | સંશોધનનો નમૂનો | અંદાજીત ખર્ચ રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| 21 | તમામ શાખા | તમામ લેકચરર્સ | સંશોધન સાર સંગ્રહનું સંપાદન | ▪ વર્ષ ૨૦૧૮–૧૯ દરમિયાન હાથ ધરાયેલ ક્રિયાત્મક સંશોધનો તથા અને લઘુ શોધ નિબંધનાં સારનો સંગ્રહ તૈયાર કરવો. | અધ્યાપકો | જિલ્લામાં થયેલા સંશોધનો | 2,00,000 |
| 22 | તમામ શાખા | તમામ લેકચરર્સ | સંશોધન ઉપકરણ સંરચના કાર્યશાળા | ▪ વિવિધ પ્રકારના સંશોધનો નાં સંદર્ભમાં ઉપકરણ સંરચના કરતાં શીખશે. | અધ્યાપકો, શિક્ષકો | 160 | 2,40,000 |
| 23 | તમામ શાખા | તમામ લેકચરર્સ | સંશોધન પત્ર સંરચના અને રજૂઆત સેમીનાર | ▪ વિવિધ પ્રકારના સંશોધન પત્રોની સંરચના કરતાં શીખશે.<br>▪ વિવિધ પ્રકારના સંશોધન પત્રોની રજૂઆત કરશે. | અધ્યાપકો, શિક્ષકો | 125 | 1,25,000 |
| | | | | | **કુલ** | | 10,00,00 |

# સંક્ષિપ્તાક્ષરો

| | | |
|---|---|---|
| BRC | : | Block Resource Centre |
| CCRT | : | Centre for Cultural Resource & Training |
| CMDE | : | Curriculum Material Development and Evaluation |
| CRC | : | Cluster Resource Centre |
| CSS | : | Centrally Sponsored Scheme |
| CTE/IASE | : | Centre of Teacher Education / Institute of Advance Studies in Education |
| DEO | : | District Education Officer |
| DIET | : | District Institute of Education & Training |
| DPC | : | District Project Coordinator |
| DPEO | : | District Primary Education Officer |
| DRU | : | District Resource Unit |
| ET | : | Educational Technology |
| GCERT | : | Gujarat Council of Educational Research and Training |
| GOG | : | Government of Gujarat |
| GOI | : | Government of India |
| IEDSS | : | Inclusive Education of the Disabled at Secondary Stage |
| IFIC | : | In Service Field Interection Innovation and Coordination |
| MHRD | : | Ministry of Human Resources Development |
| NCERT | : | National Council of Educational Research & Training |
| NCTE | : | National Council of Teacher Education |
| NEUPA | : | National University of Educational Planning & Administration |
| NGO | : | Non-Government Organization |
| PEC | : | Population Education Cell |
| P&M | : | Planning and Management |
| PSTE | : | Pre Service Teacher Education |
| RIE | : | Regional Institute of Education |
| S&M | : | Science and Maths |
| SSA | : | Sarva Siksha Abhiyan |
| UNESCO | : | United Nations Educational, Scientific and Cultural Organization |
| UNFPA | : | United Nations Population Fund (UNFPA) India |
| UNICEF | : | United Nations Children Fund |